9

શ્રી વિહાર સેવા ગૃપ સંચાલિત

# મોrninગ ન્યુઝ

વર્ષ-૨ અંક-૯ ૨૦૭૨, ભાદરવા વદ-૧૦, રવિવાર, તા. ૨૫-૦૯-૧૬



તંત્રી : ડો. સંજયભાઇ શાહ - સુરત
મો. ૯૮૨૫૧૨૧૪૫૫

## વિહાર સેવા ગ્રુપ - ચતુર્થ સંમેલન-૨૦૧૫






॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-હેમચન્દ્રસૂરિભ્યો નમઃ ॥
શ્રી વિહાર સેવા ગ્રુપ સંચાલિત

# ગુડ મોર્નિંગ ન્યુઝ

વર્ષ-૨ અંક-૯ ૨૦૭૨, ભાદરવા વદ-૧૦, રવિવાર, તા. ૨૫-૦૯-૧૬

તંત્રી : ડો. સંજયભાઇ શાહ - સુરત
મો. ૯૮૨૫૧૨૧૪૫૫

## प्रमादो हि मृत्युः ॥

આંખ બંધ થઈ જવી,
શ્વાસ થંભી જવો અને
શરીરનું ઠંડું પડી જવું
એને દુનિયા મૃત્યુ કહે છે......
પણ જ્ઞાની કહે છે......
જીવની પ્રમત્ત અવસ્થા એજ એનું મોત.
- વિષયોમાં મન લઈ જવું,
- કષાયોથી ચિત્તને કલુષિત કરવું,
- કલાકો સુધી ઊંઘવું,
- આખો દિવસ ગામ-ગપાટામાં પસાર કરવો,
- વ્યસનોના ગુલામ બનવું......

આ બધા પ્રમાદના પ્રકાર છે
આત્માના ભાવપ્રાણ છે......
જ્ઞાન-દર્શન-ચારિત્ર.
ઉપરોક્ત પ્રમાદને લીધે
આત્માના ભાવપ્રાણનો પળે પળે નાશ થાય છે.
જ્યારે પણ પ્રમાદમાં પડવાનું મન થાય
ત્યારે એક શાસ્ત્રવચન યાદ રાખજો.
'ચૌદ પૂર્વના જ્ઞાની પણ
પ્રમાદને લીધે નિગોદમાં ચાલ્યા ગયા છે.'
સંભવ છે, આ રેડ સિગ્નલ
આપણને પ્રમાદમાં પડતા અટકાવી દે.

## परिहर परचिन्तापरिवारम् ॥

ફલાણો S.S.C. માં ફેઈલ થયો,
ફલાણાએ આપઘાત કર્યો,
ફલાણી છોકરી ફલાણા છોકરા સાથે ભાગી ગઈ,
ફલાણા દંપતિએ છૂટાછેડા લીધા......
આ અને આવી બીજી અનેક પારકી ચિંતા
આપણે કરતા હોઈએ છીએ.
જ્ઞાની ભગવંતો કહે છે :
परचिन्ता अधमाऽधमा ।
અધમમાં અધમ ચિંતા હોય તો પરચિંતા છે.
પારકાની ચિંતા કરવામાં
આપણને શું મળે ?
આપણું શું વળે ?
છોડો, આવી પારકી પંચાતને......
કરવી હોય તો આત્માની ચિંતા કરો.
મેં કેટલો ધર્મ કર્યો ?
હું પાપથી કેટલો પાછો ફર્યો ?
પરલોકમાં મારું શું થશે ?
મને સદ્ગતિ તો મળશે ને ?
કરી છે ક્યારેય આવી ચિંતા ?
કરો શરૂ,
બેડો પાર થઈ જશે.

- ક્વોલિટી



મોrning
પ્રવચન

## વિહાર - કરે કર્મનો સંહાર

- શાસનપ્રભાવક પૂ.આ.શ્રીઅક્ષયબોધિસૂરિ મહારાજ

**વહ સચમુચ ચલે હી નહિ, જિનકે પાંવ ધૂપમેં જલે હિ નહિ.**

પૂજ્ય ગુરુભગવંતો સાથે એક સ્ટેશનથી બીજા સ્ટેશન સુધી વિહાર કરતા તમારા જેવા ૧૫૦૦ યુવાનોને એકી સાથે આ સભામાં ઉપસ્થિત થયેલા જોઈ અંતર અનુમોદનાથી આનંદિત થઈ જાય છે.

વિહાર કરવો એ એક પ્રકારની ગુરુભગવંતની વૈયાવચ્ચ છે. વૈયાવચ્ચથી જેમ આઠ પ્રકારના કર્મ ખપે છે, તેમ વિહારથી પણ આઠે પ્રકારના અશુભ કર્મનો ક્ષય થાય છે અને શુભ કર્મનો બંધ થાય છે. જેમકે...

(૧) પૂજ્ય ગુરુભગવંતો જ્ઞાનના સાગર-શાસ્ત્રના જ્ઞાતા હોય છે. એમની સાથે વિહાર કરવાથી સત્સંગ થાય છે. સત્સંગના પ્રભાવે નવું નવું જ્ઞાન મળે છે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિથી જ્ઞાનાવરણીય કર્મ તૂટે છે.

(૨) વિહારમાં જવા માટે સવારે વહેલા ઉઠવું પડે છે. નિદ્રાનો ત્યાગ કરવો પડે છે. દર્શનાવરણીય કર્મના ઉદયથી નિદ્રા આવે છે. સત્કાર્ય માટે નિદ્રાનો ત્યાગ કરવાથી આપણા દર્શનાવરણીય કર્મ તૂટે છે.

(૩) શ્રમણ-શ્રમણીઓની સાથે વિહાર કરવાથી તેઓ નિશ્ચિંત થઈ જાય છે. એમને માનસિક અને શારીરિક બંને પ્રકારની સાતા વળે છે. જેથી આપણને સાતા વેદનીય કર્મનો બંધ થાય છે અને આપણા અશાતા વેદનીય કર્મનો ક્ષય થાય છે.

(૪) મોહનીયના મુખ્ય બે પ્રકાર છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. ગુરુભગવંતોને વિહારમાં માર્ગ બતાવવાથી નયસારની જેમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તો ચારિત્રવંત આત્માની સાથે ચાલવાથી ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે. ક્ષમાશ્રમણની સેવાથી ક્રોધાદિ કષાયો શાંત થાય છે.

(૫) સાધુ ભગવંતોની સાથે વિહાર કરતી વખતે આત્મા મહાત્માઓની શરીરરક્ષા આદિ શુભ પરિણામોમાં રમતો હોય છે. એ વખતે જો પરલોકના આયુષ્યનો બંધ પડે તો મોટે ભાગે તે સદ્ગતિનો જ પડે. એટલે કે દેવ કે મનુષ્યનું જ આયુષ્ય બંધાય.

(૬) નામકર્મની શુભ અને અશુભ એમ બન્ને પ્રકારની પ્રકૃતિઓ છે. પૂજનીય શ્રમણ ભગવંતોની સાથે વિહાર કરવાથી તેમના દેહની રક્ષા, અવયવોની સુરક્ષાથી અશુભ નામકર્મનો ક્ષય થાય છે. શુભ નામકર્મનો બંધ થાય છે. જેથી પરલોકમાં ઉત્તમ શરીર, સુંદર રૂપ, મનોહર અને પૂર્ણપણે પાંચે ઈન્દ્રિયો આદિની પ્રાપ્તિ થાય છે.

(૭) જેમ પરમાત્માની પૂજા કરવાથી નીચગોત્ર તૂટે છે અને ઉચ્ચગોત્રનો બંધ પડે તેમ સાધુ ભગવંતો પણ જગતપૂજ્ય છે. તેમની સાથે વિહારમાં રહેવું એ તેમની સેવા-રક્ષા છે. તેથી ઉચ્ચગોત્ર બંધાય છે અને નીચગોત્ર ખપે છે.

(૮) આઠમું કર્મ છે... અંતરાય. અંતરાયના પાંચ પ્રકારમાં એક પ્રકાર છે... વીર્યાંતરાય. ચાલવા માટે આપણું વીર્ય સ્ફોરવવું પડે છે. તેથી વીર્યાંતરાય કર્મ તૂટે છે અને ભવાંતરમાં બાહુબલિની જેમ અતુલ બળની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહિ; સંસાર, વ્યવહાર, વેપારમાં આવનારા અંતરાયો પણ દૂર થાય છે.

આમ એક વિહાર કરવાથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય કર્મ તૂટે છે તેમજ સાતાવેદનીય, સદ્ગતિનું આયુષ્ય, શુભ નામકર્મ અને ઉચ્ચગોત્રનો બંધ થાય છે.

પ્રતિ વર્ષ તમે યુવાનો ખૂબ જ ઉત્સાહથી આ વિહારસેવાનું અદ્‌ભુત કાર્ય કરી રહ્યા છો... તેની અંતરથી અનુમોદના. આજ રીતે આગળ પણ કરતા રહી સર્વ કર્મનો ક્ષય કરી પરમપદને પ્રાપ્ત કરો... એવી મંગલકામના.

(અમદાવાદ-ઓશવાળક્લબ મધ્યે તા. ૪-૧૦-૨૦૧૫ના યોજાયેલ વિહારસેવાગ્રુપ સંમેલનમાં અપાયેલ પ્રવચનના આધારે.)

## ઇન્સ્ટંટ - કોન્સ્ટંટ - નોસ્ટંટ

- પ્રવચનશિખર પૂ.આ.શ્રી વિજયમહાબોધિસૂરિ મહારાજ

જ્યાં સુધી શરીરમાં શક્તિ છે... ત્યાં સુધી વિહાર સેવા ચાલુ રાખવાની છે. પરલોકમાં જઈએ એ પૂર્વે આ યોગને એવો આત્મસાત્ કરી લો કે જેથી એ તમારી આઈડેન્ટીટી બની જાય. પેથડની પૂજા, સુલસાનું સમ્યક્દર્શન, મયણાના સિદ્ધચક્રજી, શ્રેણિકનો પ્રભુવીર પ્રત્યેનો પ્રેમ, ગૌતમનો પ્રભુવીર પ્રત્યેનો સ્નેહ, કુમારપાળની જીવદયા જેમ એમની આઈડેન્ટીટી બની ગઈ તેમ તમારા જેવા યુવાનો માટે વિહારસેવા એ તમારી ઓળખ બની જવી જોઈએ. તમારી ગેરહાજરીમાં પણ લોકો તમને વિહારસેવાગ્રુપના મેમ્બર તરીકે યાદ રાખે.

એ માટે ત્રણ કામ કરવાના છે.

(૧) ઇન્સ્ટંટ સેવા :

ગ્રુપના કેપ્ટન તરફથી જ્યારે પણ વિહારમાં જવાનો કોલ આવે, તરત જ હા પાડો. ના નહિ પાડો. હું ગઈ કાલે વિહાર કરીને આવ્યો છું, પાછો મારો નંબર કેમ લગાવી

દીધો ? આવા વિકલ્પ નહિ કરો. અનંતપુણ્યનો ઉદય હોય ત્યારે આવી સેવા કરવાનો આપણને લાભ મળતો હોય છે.

(૨) કોન્સ્ટંટ સેવા :

દર અઠવાડીયે મીનીમમ એક વિહાર કરવાનું ચાલુ જ રાખો. ક્યારેક લાભ ન મળે યા તમારો નંબર ન લાગે તો બીજાના વારામાં પણ જઈને વિહાર સેવા ચાલુ રાખો. સતત કરતા રહેવાથી એ ક્રિયાના આત્મામાં સંસ્કાર પડે છે... ભવાંતરમાં પણ આવી સેવા કરવાના લાભો પ્રાપ્ત થાય છે. ટૂંકમાં, પાપની કંટિન્યુટી તોડવાની હોય છે અને ધર્મનું સાતત્ય જાળવી રાખવાનું હોય છે. થાય છે ઊલટું, ટી.વી.ની સિરિયલનો એક પાર્ટ જોવાનો રહી જાય તો બીજા દિવસે બપોરે અઢી વાગે પણ જોઈ લઈએ. પણ એક દિવસ પૂજા-પ્રતિક્રમણ કે સામાયિક રહી જાય છે... તો એનો આપણને અફસોસ પણ નથી હોતો. માટે આ ભવમાં જ્યાં સુધી શરીરમાં તાકાત છે... ત્યાં સુધી સતત વિહારસેવા કરતા રહો.

(૩) નો સ્ટંટ સેવા :

નો સ્ટંટનો અર્થ છે... ક્યારેય બહાના ન કાઢો. અર્થાત્ તમારો જ્યારે વારો હોય... ત્યારે પેલાએ વિહાર ન'તો કર્યો તો મને શા માટે કરાવો છો ? પહેલા એને કરાવો, પછી મને કહો. અથવા આજે મારે બહાર જવું છે, રાત્રે મોડા સૂતા હતા, તબિયત જરા લુઝ છે વગેરે ખોટા બહાનાઓ કાઢીને વિહારસેવામાંથી છટકવાનો પ્રયત્ન ન કરો. અને નો સ્ટંટનો બીજો અર્થ છે... ક્યારેય દેખાડો ન કરો. પચાસ, સો અને સોથી વધુ વિહાર કરનારા યુવાનો આ સભામાં બેઠા છે. એમના આ સમ્યક્ પુરુષાર્થને તો લાખ લાખ ધન્યવાદ છે જ, પણ સાથે સાથે એમને જણાવવાનું કે તમે કરેલ વિહારસેવાનો ક્યારેય ગર્વ ન કરશો. ક્યારેય કોઈને નીચા ન પાડશો.

આ ત્રણ મુદ્દાને ધ્યાનમાં રાખી વિહારસેવામાં આગળ વધો. બે દિવસ પૂર્વે જ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ આપણા વિહારસેવાગ્રુપ માટે સુંદર સંદેશ આપતા જણાવેલ કે જે યોગમાં અપૂર્વ ભક્તિ-ઉલ્લાસ જીવને વધી જાય... તે યોગ અપ્રતિપાતિ બની જાય. અર્થાત્ એના દ્વારા બંધાયેલ શુભકર્મ જીવને અવશ્ય ઉદયમાં આવે જ. એ રીતે જોતા પરમાત્માની ભક્તિ કરતા પણ ગ્લાન સાધુની સેવામાં જીવને અપૂર્વ ભાવધારા ઉત્પન્ન થતી હોય છે. કારણ કે બીમારી એ આપત્તિ છે. આપત્તિમાં જીવની સેવા/રક્ષણ કરવાથી અપ્રતિપાતિ કર્મ બંધાય છે. આજના કાળમાં સાધુ/સાધ્વીને વિહારમાં સેવા/સહાય કરવી... એ પણ આપત્તિકાળની સેવા છે. આવી સેવા અચૂક અપ્રતિપાતિ સેવા બની જાય છે. જે તીર્થંકર નામકર્મના બંધ સુધી પહોંચાડી શકે છે.

આવા મહાન લાભને અપાવનારી સેવા કરવા દ્વારા તમે સહુ તમારા આત્માને નિર્મળ બનાવો... એ જ મંગળકામના.

(અમદાવાદ-ઓશવાળક્લબ મધ્યે તા. ૪-૧૦-૨૦૧૫ના યોજાયેલ વિહારસેવાગ્રુપ સંમેલનમાં અપાયેલ પ્રવચનના આધારે.)

— ● —

# હૃદયથી ચાલે તે વિહાર

– પ્રવચનકાર પૂ. આ.શ્રી મહાબોધિ સૂરિજી મહારાજ

અનંતકાળે પરમાત્માનું શાસન આપણને પ્રાપ્ત થયું. એક પ્રભુનું શાસન પ્રાપ્ત થતાની સાથે જ કેટલા બધા અંગો આપણને પ્રાપ્ત થઈ ગયા. (૧) સન્માર્ગ મળ્યો. (૨) સન્માર્ગ દાતા મળ્યા. (૩) સન્માર્ગદર્શક મળ્યા. (૪) સન્માર્ગસ્થ આત્મા મળ્યા.

આપણે વિસ્તારથી સમજીએ.

**(૧) સન્માર્ગ :** ઇષ્ટ સ્થળે પહોંચવાની ઈચ્છાથી ચાલવું તે માર્ગ. હીલ સ્ટેશન વગેરે સ્થાને ભટકવા જવું તે ઉન્માર્ગ. જ્યારે રત્નત્રયીની આરાધના કરવી તે સન્માર્ગ.

તત્ત્વાર્થ સૂત્રનાં પ્રથમ અધ્યાયનું પ્રથમ સૂત્ર છે...

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥

જિનશાસનમાં જન્મ લીધો એટલે આપણને વ્યવહારથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ ગણાય. પાઠશાળા અથવા ગુરુભગવંતની પાસે જવાથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જ્યારે જીવનમાંથી અભક્ષ્ય, નોનવેજ, કંદમૂળ વગેરેનો ત્યાગ કરવાથી આંશિક ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

આપણે નસીબદાર છીએ... વર્તમાનકાળમાં આપણને આવી રત્નત્રયની પ્રાપ્તિ થઈ છે.

**(૨) સન્માર્ગદાતા :** માર્ગને બતાવવો અલગ વાત છે, માર્ગને બનાવવો અલગ વાત છે. બતાવવા કરતા બનાવવામાં તકલીફ વધારે છે. રોડ બનતો ક્યારેય જોયો છે ? ખાડો ખોદવો પડે, રેતી અને કપચી ભરવી પડે, એની ઉપર ગરમાગરમ ડામર રેડવો પડે, ભરબપોરે-ઉનાળાની લાહ્ય જેવી ગરમીમાં પણ આ કામ ચાલુ રાખવું પડે. મહામહેનતે આવો રોડ તૈયાર થાય.

ભૌતિકમાર્ગ બનાવવામાં જો આટલી તકલીફ છે, તો સન્માર્ગ બનાવનાર પરમાત્માને કેટલી તકલીફ-કેટલા કષ્ટો પડ્યા હશે ?

નમુત્થુણં સૂત્રમાં 'મગ્ગદયાણં' વિશેષણ દ્વારા પરમાત્માને માર્ગદાતા-સન્માર્ગદાતા તરીકે બિરદાવ્યા છે.

ભગવાન મહાવીરની અપેક્ષાએ વિચારીએ તો આગલા ત્રીજા ભવથી-નંદન રાજર્ષિના ભવમાં જ પરમાત્માએ રોડ બનાવવાની પ્રક્રિયાનો પ્રારંભ કરી દીધેલ. ૧૧૮૦૬૪૫ માસક્ષમણની આરાધના, સવિ જીવ કરું શાસનરસીની ભાવના એ સન્માર્ગ બનાવવાની સાધનાનો પ્રારંભ હતો. જે અંતિમ ભવમાં વૈશાખ સુદ ૧૦ના પૂર્ણ થયો. વૈશાખ સુદ ૧૧ના મંગળ દિવસે આખા વિશ્વ માટે એને શાસનની સ્થાપના દ્વારા ખુલ્લો મૂક્યો. આ માર્ગ પર ચારિત્ર ગ્રહણ કરવા દ્વારા સહુથી પહેલો પગ મૂક્યો... ઇન્દ્રભૂતિ ગૌતમે, એ પછી હજારો-લાખો શ્રમણ-શ્રમણી ભગવંતોએ આ

માર્ગ પર આજ સુધીમાં પદાર્પણ કર્યું છે. હજી સાડા અઢાર હજાર વર્ષ સુધીમાં લાખો સાધકો આ માર્ગમાં પ્રવેશ કરશે.

આપણે ભાગ્યશાળી છીએ... આવા પરમાત્માના શાસનમાં આપણને જન્મ પ્રાપ્ત થયો.

**(૩) સન્માર્ગદર્શક :** રોડ પર ચાલતી વખતે વચ્ચે વચ્ચે જેમ સ્પીડ બ્રેકર, બંપ વગેરે આવે છે તેમ વચ્ચે વચ્ચે સાઈન બોર્ડ પણ આવતા હોય છે. ડાબે જાવ, જમણે જાવ વગેરે સૂચવવા.

પરમાત્મા તો માર્ગ બનાવી, ૩૦ વર્ષ સુધી જગતને માર્ગ બતાવી નિર્વાણ પામ્યા. આજ સુધી આ માર્ગ આપણા સુધી પહોંચાડનાર હોય તો કોણ છે ? એ છે સદ્ગુરુ ભગવંતો. સુધર્માસ્વામીથી લઈને વર્તમાનમાં પૂજ્ય ગચ્છાધિપતિ આદિ ગુરુભગવંતો લાખો-કરોડો આત્માઓને આ માર્ગ બતાવતા આવ્યા છે. એટલે જ તો આજે આ શાસન આપણને પ્રાપ્ત થયું છે.

અપેક્ષાએ તીર્થંકર ભગવંત કરતા પણ ગુરુભગવંતનો ઉપકાર આપણા પર વધારે છે. ૨૫૦૦થી અધિક વર્ષ દરમિયાન આ શાસન પર અનેકાનેક આક્રમણો આવ્યા છે. એવા ભીષણ સમયે પણ આ ગુરુભગવંતોએ જાનના જોખમે આ શાસનની રક્ષા કરીને આપણા સુધી આ શાસન પહોંચાડ્યું છે.

આપણે ખરેખર પુણ્યશાળી છીએ... વર્તમાનના અતિ વિષમકાળમાં પણ સન્માર્ગદર્શક એવા ગુરુભગવંતોની આપણને ભેટ મળી છે.

**(૪) સન્માર્ગસ્થ :** સૈંકડો વર્ષથી ચાલી આવતા પ્રભુના માર્ગમાં હજારો-લાખો શ્રમણ-શ્રમણીઓ જોડાઈ ગયા છે - રહ્યા છે. તેઓ સન્માર્ગસ્થ છે.

જે સન્માર્ગમાં સ્થિર થાય તે સન્માર્ગસ્થ.

ચારે બાજુ જ્યારે ઉન્માર્ગના વાયરા વાતા હોય, અચ્છા અચ્છા સજ્જનોની પણ બુદ્ધિ બેર મારી જાય તેવું વાતાવરણ હોય... એવા કપરા કાળમાં પણ જે મહાપુરુષો ઉત્તમ સાધના કરી રહ્યા હોય... તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. આજના વિલાસપ્રચુર કાળમાં જ્ઞાન-ધ્યાન, તપ-ત્યાગ, વિનય-વૈયાવચ્ચ, સેવા-સમર્પણથી મઘમઘાયમાન ચારિત્રનું પાલન કરનારા શ્રમણ-શ્રમણીઓ આપણને મળ્યા છે એ આપણા ભાગ્યની બલિહારી છે.

અહીં આવેલા વિહાર સેવા ગ્રુપના યુવાનોને પૂછવું છે... આ ચારમાંથી તમારો નંબર શેમાં ? તમારો જવાબ હશે... એકેયમાં નહિ. તો તમારા માટે પાંચમો પ્રકાર બતાવું.

**(૫) સન્માર્ગ સહાયક :** જેઓ સંસાર છોડી કાયમ માટે સન્માર્ગમાં સ્થિર થઈ ગયા છે. તેવા સાધકોને જેઓ સહાય કરે તે સન્માર્ગ સહાયક.

અહીં આવેલા યુવાનોને હું સન્માર્ગ સહાયક તરીકે ઓળખાવું છું. રોજ સવારે વહેલા ઉઠી પૂજનીય ગુરુભગવંતોને એક સ્થાનેથી બીજે સ્થાન ૧૦/૧૨ કિલોમીટર ચાલીને પહોંચાડવા, એમના સંયમજીવનની સાધનામાં આ રીતે સહાય કરવી-સહાયક બનવું તે તમારું મુખ્ય કર્તવ્ય છે.

ગુરુભગવંતો સાથે તમે ચાલો છો એ ભૌતિક દૃષ્ટિએ ભલે માર્ગ પર ચાલો છો, હકીકતમાં તમે સન્માર્ગ પર ચાલો છો. એક અપેક્ષાએ આ સમ્યક્ ચારિત્રની આરાધના છે.

પ્રવચન સારોદ્ધારમાં સાધુ/સાધ્વીજીને વિહાર દરમિયાન સહાય કરવી, અશુભ તત્ત્વોથી એનું રક્ષણ કરવું... એ વૈયાવચ્ચ સમાધિ નામના સત્તરમાં સ્થાનની આરાધનારૂપે બતાવેલ છે. જેમ ઉપવાસ કરીને કેટલાક આરાધકો વીશસ્થાનકની આરાધના કરે છે, તેમ પ્રેક્ટિકલી સેવા વગેરે કરવા દ્વારા પણ વીશસ્થાનકની આરાધના કરી તીર્થંકર નામ કર્મ બંધાય છે. એટલે એમ કહી શકાય કે શ્રમણોની વિહાર સેવા દ્વારા આલોકમાં તો અઢળક પુણ્યબંધ થાય છે, પરલોકમાં દેવ, દેવેન્દ્ર, ચક્રવર્તી યાવત્ તીર્થંકરનામકર્મ સુધી પહોંચી શકાય છે.

ભગવાન મહાવીરનો આત્મા નયસાર દેખીતી રીતે ભલે દ્રવ્યમાર્ગ પર ચાલતો હતો પણ હકીકતમાં એણે ભાવમાર્ગ પર ડગ માંડેલાં. શ્રમણોને માર્ગ બતાવવા દ્વારા પોતે જ મોક્ષમાર્ગ સ્વરૂપ સમ્યગ્દર્શનને પામ્યા હતા.

ટૂંકમાં, ચાલવું એ મહત્ત્વનું નથી... કોની સાથે ચાલો છો એ મહત્ત્વનું છે. રોજ સવારે વહેલા ઉઠીને હજારો-લાખો લોકો દોડવા-ચાલવાની ક્રિયા કરે છે. ગાય, બળદ, ઘોડા પણ રોડ પર ચાલતાં-દોડતાં દેખાય છે... પણ એમની આ ક્રિયાને નિર્જરાકારી ક્રિયા નહિ કહેવાય. કારણ કે આ ક્રિયાના કેન્દ્રમાં શરીર યા ગતાનુગતિકતા છે. જ્યારે સાધુ ભગવંતોની સાથે તમારા દ્વારા થતો વિહાર કર્મક્ષય કરાવનાર છે. કારણકે કેન્દ્રમાં શ્રમણો છે, શ્રમણોનું સંયમ છે. આવા શ્રમણ ભગવંતો સાથે જે પણ યુવાનો વિહારમાં જાય છે, તે પરાણે નહિ પણ હૃદયથી જતા હોય છે.

એક મજાનું સૂત્ર છે...

**પગથી ચાલે તેને પ્રવાસ કહેવાય.**
**હૃદયથી ચાલે તેને વિહાર કહેવાય.**

આવા હજારો વિહારસેવાગ્રુપના યુવાનોની ભક્તિને લીધે ભૂતકાળ કરતાં વર્તમાનકાળમાં એકસીડંટની સંખ્યા ઘટતી ચાલી છે એ પણ હકીકત છે.

અંતમાં એટલું જ કહેવાનું... બીજા બધા યોગોને ગૌણ કરીને પણ વિહારસેવાને મુખ્ય બનાવજો. શ્રમણોની સાથે વિહાર કરીને તમે એમને-એમની સમાધિને નિશ્ચિત કરો છો. જે બીજાની સમાધિ રિઝર્વ કરે એની પોતાની સમાધિ આપોઆપ રિઝર્વ થઈ જ જાય... એમાં બેમત નથી.

આવી વિહારસેવામાં નિ:સ્વાર્થભાવે તમે સહુ જોડાયેલા રહો એ જ મંગળકામના...

(કલિકુંડતીર્થ મધ્યે પોષ વદ-૧૪, તા. ૭-૨-૨૦૧૬ના રવિવારે થયેલ વિહારસેવાગ્રુપ કેપ્ટન સંમેલનમાં અપાયેલ પ્રવચન.)

● ● ●




# મોrninગ સંમેલન

## ગ્રુપ કેપ્ટન સંમેલન

શ્રી કલિકુંડ તીર્થે તા. ૭-૨-૨૦૧૬ ના રવિવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન પૂ. ગચ્છાધિપતિશ્રીની શુભનિશ્રામાં વિહાર સેવા ગ્રુપના કેપ્ટનોનું સંમેલન ગોઠવાયેલ. જેમાં અમદાવાદ, આણંદ, વડતાલ, વિદ્યાનગર, સુરત, ભરૂચ, કરજણ, પેટલાદ, સુણાવ, વલસાડ, બિલિમોરા, ધોળકા, સુરેન્દ્રનગર, મુંબઈ, માટુંગા, થાણા, ભિવંડી, શાહપુરના V.S.G.ના કેપ્ટનો તથા યુવાનો પધારેલ. પૂ.આચાર્યદેવશ્રી મહાબોધિસૂરિ મહારાજે પ્રેરક પ્રવચન આપેલ. પચાસથી વધુ સાધ્વીજી ભગવંતો ઉપસ્થિત રહેલ. સંમેલન દરમિયાન ગુજરાત મુંબઈ, મહારાષ્ટ્રના વિહાર સેવા ગ્રુપના કેપ્ટનના નામ, એરિયા, તથા મોબાઈલ નંબરનું ડિરેક્ટરી કાર્ડ લોંચ કરવામા આવેલ. પૂજ્યશ્રીની આચાર્ય પદવીના પ્રથમ વર્ષની પૂર્ણાહૂતિ નિમિત્તે શ્રી વલસાડના V.S.G.ના યુવાનોએ સ્ટેશનરી વસ્તુનું સુપાત્રદાન કરેલ. પધારેલ દરેક યુવાનોને સુરતના પરમગુરુભક્ત શ્રી પીયૂષભાઈ માણેકભાઈએ સો રૂપિયાનું સંઘપૂજન કરેલ. તેમજ વિહાર સેવા ગ્રુપના ફંડમાં એક લાખ આઠ હજાર રૂપિયાનું અનુદાન જાહેર કરેલ.

## મહારાષ્ટ્ર ગ્રુપ સંમેલન

પુના-ભવાનીપેઠ-ટિંબર માર્કેટના શ્રી મનમોહન પાર્શ્વનાથ જૈન શ્વે. મંદિર ટ્રસ્ટ દ્વારા પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી પુણ્યરક્ષિતવિજયજી મ. ની શુભનિશ્રામાં કારતક સુદ-૧૧ તા. ૨૨-૧૧-૧૫ ના સવારે ૯ થી ૧૨ દરમિયાન મહારાષ્ટ્રના તેમજ કર્ણાટકના વિહાર સેવા ગ્રુપના ૨૦૦ જેટલા યુવાનો પધારેલ. સ્વાગતગીત થયા બાદ V.S.G.ના યુવાનોનાં વક્તવ્ય થયેલ. ત્યારબાદ પૂજ્યશ્રીએ 'સાધુસેવા આપે મુક્તિમેવા' એ વિષય પર પ્રવચન આપી વિહાર સેવાના અનેક લાભો બતાવેલ. નવા અનેક ગ્રુપોની સ્થાપના થયેલ. આ પ્રસંગે અમદાવાદના V.S.G.ના યુવાનોને આમંત્રણ અપાતા તેઓના પણ વક્તવ્ય થયેલ. અંતમા સહુનું રજતમુદ્રાથી બહુમાન અને સાધર્મિક ભક્તિ થયેલ.

## મધ્યપ્રદેશ સંમેલન

શ્રી નવરત્ન પરિવાર દ્વારા મધ્યપ્રદેશના અનેક ગામોમાં વિચરણ કરતા શ્રમણ-શ્રમણીઓના વિહારમાં સેવા માટે યુવાનોનું સંમેલન મંદસૌર (M.P.) શહેરમાં કારતક સુદ-૪ રવિવાર તા. ૧૫-૧૧-૧૫ના શુભદિવસે યોજાયું. આ કાર્યક્રમમાં ૪૫ ગામના લગભગ દોઢસો જેટલા યુવાનો પધારેલ. આ પ્રસંગે સુરતના પ્રજ્ઞેશભાઈએ વિહાર સેવા માટે પ્રેરક ઉદ્‌બોધન કરેલ. ચાતુર્માસમાં બિરાજમાન પૂ. સા. શ્રી અમિતગુણાશ્રીજી મહારાજની શુભનિશ્રા સાંપડેલ. પધારેલ દરેક યુવાનોએ પોતપોતાના સંઘમા પધારતા ગુરુભગવંતોને વિહારમાં સહાયક બનવાનો સંકલ્પ કરેલ. સંપૂર્ણ સંમેલનમાં નવરત્ન પરિવારના કર્મઠ કાર્યકરોનું ટીમવર્ક આંખે વળગતું હતું.

એ જ રીતે નીમચ જિલ્લાના મનાસાં ગામમાં પણ એક સંમેલન યોજાયેલ. જેમાં ૨૦ ગામના ૧૨૫ યુવાનો ઉપસ્થિત હતા. કેટલાક અજૈન ભાઈઓ પણ આ સેવામાં જોડાયા છે. ધાર જિલ્લાના શ્રી સુનિલભાઈ આ સેવામાં તન-મન-ધનથી જોડાયા છે.

## વિ.સં. ૨૦૭૨ના શેષકાળ દરમિયાન V.S.G. દ્વારા થયેલ વિહારનો ચાર્ટ...





| નંબર | ગ્રુપનું નામ | કેપ્ટનનું નામ - મો.નં. | કેટલા વિહાર | કેટલા કિ.મી. | કેટલા મહાત્મા |
|---|---|---|---|---|---|
| ૧. | પાલડી-વાસણા (અ'વાદ) | રૂપેશ-૯૮૨૪૦૩૮૯૪૮ | ૪૫૨ | ૪૮૧૩ | ૩૪૮૭ |
| ૨. | મણિનગર | ચિરાગ-૯૪૨૬૭૪૨૬૭૨ | ૬૦ | ૭૬૦ | ૨૪૫ |
| ૩. | ગીરધરનગર | નિમેષ-૯૭૧૨૦૨૮૫૮૪ | ૧૩૨ | ૧૫૦૬ | ૭૦૨ |
| ૪. | કૃષ્ણનગર | સમીર-૯૩૭૬૦૩૬૩૬૧ | ૫૫ | ૫૪૦ | ૧૯૨ |
| ૫. | સાબરમતી | અંકિત-૯૮૭૯૯૫૫૫૦૫ | ૧૧૮ | ૧૧૯૪ | ૬૩૬ |
| ૬. | ડી-કેબીન | બ્રિજેશ-૯૪૨૬૨૪૪૯૧૩ | ૫૯ | ૪૧૩ | ૨૧૭ |
| ૭. | ગાંધીનગર | સ્નેહલ-૯૮૯૮૮૬૧૭૯૯ | ૩૬ | ૪૦૬ | ૧૦૬ |
| ૮. | શ્યામલ (અમદાવાદ) | વિરલ-૯૪૦૮૭૫૪૨૫૮ | ૨૨ | ૨૧૮ | ૧૦૫ |
| ૯. | કલિકુંડ | પ્રતીક-૮૪૦૧૭૮૧૯૩૮ | ૬૦ | ૬૦૦ | ૪૫૦ |
| ૧૦. | વીરમગામ | પીનલ-૯૮૭૯૫૩૨૭૪૭ | ૧૬૫ | ૧૭૦૦ | ૧૩૬૩ |
| ૧૧. | માંડલ | પ્રકાશ-૯૪૨૭૦૫૨૦૧૧ | ૩૨૫ | ૨૫૦૦ | ૧૭૨૫ |
| ૧૨. | ધ્રાંગધ્રા | પાર્થ-૯૭૧૪૪૮૦૮૮૪ | ૧૫ | ૧૮૦ | ૨૮ |
| ૧૩. | મોરબી | નિસર્ગ-૯૯૦૯૨૧૫૫૨૦ | ૧૪ | ૧૫૫ | ૯૨ |
| ૧૪. | જૂનાગઢ | જિનેશ-૯૪૨૮૧૮૮૬૫૩ | ૪૪ | ૪૨૨ | ૩૦૧ |
| ૧૫. | ધોરાજી | વીપુલ-૯૮૯૮૨૮૦૧૮૨ | ૨૭ | ૨૩૭ | ૧૯૪ |
| ૧૬. | મહેસાણા | મનીષ-૯૮૯૮૦૧૨૩૮૮ | ૧૧૫ | ૧૪૯૩ | ૬૭૫ |
| ૧૭. | ઊંઝા | દીપક-૭૩૮૩૦૮૮૭૮૪ | ૪૩ | ૪૨૪ | ૨૨૪ |
| ૧૮. | હિંમતનગર | ડૉ.રાજુ-૯૮૨૫૪૩૫૮૬૨ | – | – | – |
| ૧૯. | ગાંધીધામ | પ્રકાશ-૯૮૨૫૨૨૬૧૫૦ | ૧૧૪ | ૭૫૧ | ૫૨૫ |
| ૨૦. | ભૂજ | કૌશલ-૯૪૨૬૨૧૫૨૧૩ | – | – | – |
| ૨૧. | અંજાર | રાજુ-૯૯૭૮૯૧૨૦૬૮ | ૧૬૬ | ૧૩૬૭ | ૭૦૪ |
| ૨૨. | સુરેન્દ્રનગર | મૌલિક-૯૪૨૮૨૯૧૮૩૭ | ૬૪ | ૪૬૩ | ૩૦૭ |
| ૨૩. | જામનગર | અક્ષય-૯૯૯૮૯૭૩૮૯૯ | ૧૩ | ૧૧૬ | ૪૭ |
| ૨૪. | ગોવાલીયા ટેંક | રિતેશ-૯૮૨૧૧૫૫૭૫૪ | ૪૧૯ | ૨૫૩૪ | ૨૧૭૦ |

| નંબર | ગ્રુપનું નામ | કેપ્ટનનું નામ - મો.નં. | કેટલા વિહાર | કેટલા કિ.મી. | કેટલા મહાત્મા |
|---|---|---|---|---|---|
| ૨૫. | માટુંગા | રાજુ-૯૩૨૧૦૨૬૦૩૫ | ૧૨૪ | ૭૦૯ | ૫૨૫ |
| ૨૬. | ઘાટકોપર (ઈ) | નયન-૯૩૨૨૧૫૨૩૫૪ | ૨૪૦ | ૧૪૭૯ | ૧૧૩૬ |
| ૨૭. | ઘાટકોપર-નવરોજી | પવન-૯૮૨૦૦૫૭૨૯૪ | ૧૭૬ | ૧૭૫૬ | ૯૯૦ |
| ૨૮. | ઘાટકોપર-સાંઘાણી | પ્રશાંત-૯૮૨૧૫૯૯૩૨૨ | ૨૭૨ | ૧૬૨૧ | ૧૧૦૪ |
| ૨૯. | મુલુન્ડ | અમરીશ-૯૩૨૧૧૧૬૪૪૧ | ૪૯૭ | ૩૬૨૨ | ૧૦૩૯ |
| ૩૦. | થાણે | દિલીપ-૯૦૨૯૧૪૦૪૪૨ | – | – | – |
| ૩૧. | ભીવંડી | હસમુખ-૯૮૨૨૪૭૬૯૪૨ | ૧૧૮૪ | ૧૦૧૩૫ | ૫૨૨૧ |
| ૩૨. | દાદર | મિતેશ-૯૮૨૦૭૩૬૮૦૩ | – | – | – |
| ૩૩. | કલ્યાણ | મોહન-૯૮૨૦૪૭૫૫૧૫ | ૫૦૦ | ૨૫૦૦ | ૧૫૦૦ |
| ૩૪. | ડોંબીવલી | યશવંત-૯૮૭૦૦૫૭૫૮૫ | – | – | – |
| ૩૫. | ન્યુમુંબઈ-વાસી | અલ્પેશ-૯૩૨૪૫૦૩૨૧૪ | ૭૦ | ૭૭૦ | ૨૭૬ |
| ૩૬. | ગોવંડી | નરેશ-૯૮૨૧૪૭૪૦૦૨ | ૨૦ | ૧૫૦ | ૧૦૦ |
| ૩૭. | ધ્રોલ | નિલેશ-૯૨૭૭૫૦૮૩૧૮ | – | – | – |
| ૩૮. | ભચાઉ | જયંત-૯૪૨૮૩૦૯૨૯૧ | ૫૯ | ૫૮૮ | ૩૧૦ |
| ૩૯. | રાજકોટ | રાજુ-૯૪૦૮૨૫૧૯૩૧ | – | – | – |
| ૪૦. | ખેડા | રીંકુ-૯૭૧૪૪૨૧૩૧૪ | – | – | – |
| ૪૧. | માતર | કીર્તિ-૯૪૨૭૫૭૭૯૦૩ | ૨૫ | ૧૩૫ | ૧૪૯ |
| ૪૨. | નડીયાદ | અભિષેક-૯૬૬૨૧૩૮૧૭૧ | ૧૦૯ | ૧૩૦૯ | ૬૫૫ |
| ૪૩. | આણંદ | દીપેશ-૯૭૧૨૭૪૫૧૮૮ | ૧૨૫ | ૧૨૦૦ | ૬૦૦ |
| ૪૪. | વિદ્યાનગર | અભય-૮૪૦૧૭૫૫૬૨૪ | ૪૫ | ૩૦૦ | ૧૪૫ |
| ૪૫. | ઉપલેટા | પારસ-૯૪૨૮૨૧૨૬૧૦ | – | – | – |
| ૪૬. | હાલોલ | પ્રવીણ-૯૮૨૫૨૪૭૫૭૧ | ૪૨ | ૮૪૦ | ૧૨૨ |
| ૪૭. | છાણી | અલ્કેશ-૯૪૨૭૩૧૨૯૧૦ | ૧૦૮ | ૧૧૨૦ | ૮૮૦ |
| ૪૮. | વડોદરા | રોશન-૯૮૨૪૦૯૪૮૮૨ | ૩૧૦ | ૩૧૬૮ | ૧૨૦૪ |
| ૪૯. | આમોદ | ભરત-૯૪૨૯૬૭૩૩૫૧ | – | – | – |
| ૫૦. | ભરૂચ | ઋચીત-૯૯૧૩૮૬૩૭૨૭ | ૩૩૫ | ૪૦૦૧ | ૨૨૨૨ |
| ૫૧. | અંકલેશ્વર-ગામ | મનિષ-૯૯૨૫૫૫૩૯૩૩ | – | – | – |
| ૫૨. | પેટલાદ | હેનલ-૯૪૨૭૩૮૭૦૭૦ | ૭૮ | ૮૦૦ | ૨૦૧ |
| ૫૩. | વાલીયા | હિતેશ-૯૮૨૪૪૩૩૯૮૦ | ૬ | ૬૫ | ૪૧ |
| ૫૪. | વડતાલ | ચેતન-૯૬૨૪૯૧૫૨૫૨ | – | – | – |
| ૫૫. | સુનાવ | કિંજલ-૯૪૨૮૦૨૮૩૨૭ | ૨૨ | ૩૩૬ | ૨૪૧ |
| ૫૬. | માસરરોડ | ભૂમિલ-૯૯૦૯૯૭૩૨૫૬ | ૫ | ૫૦ | ૧૮ |
| ૫૭. | કરજણ | સુમિત-૯૭૨૪૨૪૬૪૬૪ | ૩૧૫ | ૧૮૦૦ | ૧૮૦૭ |

| નંબર | ગ્રુપનું નામ | કેપ્ટનનું નામ - મો.નં. | કેટલા વિહાર | કેટલા કિ.મી. | કેટલા મહાત્મા |
|---|---|---|---|---|---|
| ૫૮. | બારેજા | નીલ-૯૪૨૯૦૦૩૪૯૧ | ૩ | ૨૪ | ૨૨ |
| ૫૯. | સુરત | ડૉ.સંજય-૯૮૨૫૧૨૧૪૫૫ | — | — | — |
| ૬૦. | બારડોલી-ગામ | ભાવેશ-૯૪૨૭૧૭૭૭૬૬ | ૨૬ | ૪૦૦ | ૧૭૦ |
| ૬૧. | બારડોલી સ્ટેશન | જિજ્ઞેશ-૯૮૯૮૬૭૬૭૪૫ | — | — | — |
| ૬૨. | માંડવી | બાબુ-૯૯૧૩૮૯૫૧૦૧ | ૨૨ | ૨૨૩ | ૫૫ |
| ૬૩. | મઢી | શૈલેશ-૯૯૧૩૯૬૫૯૦૨ | ૩ | ૨૪ | ૧૪ |
| ૬૪. | કડોદ | પરેશ-૯૮૨૫૭૨૮૧૧૯ | — | — | — |
| ૬૫. | નવસારી | દિવ્યેશ-૯૮૨૫૮૮૦૫૨૩ | ૩૮૫ | ૪૪૦૦ | ૧૯૯૫ |
| ૬૬. | મરોલી-ગામ | હિતેશ-૯૮૭૯૧૩૩૨૫૨ | ૧૦૦ | ૧૨૫૦ | ૭૫૦ |
| ૬૭. | વલસાડ | વિપુલ-૯૮૯૮૭૮૦૮૯૭ | ૩૭૩ | ૩૯૭૯ | ૨૭૧૯ |
| ૬૮. | અમલસાડ | અંકિત-૯૩૭૪૫૪૧૪૬૭ | ૨૨ | ૧૮૪ | ૧૦૦ |
| ૬૯. | બીલીમોરા-ગામ | ધર્મિન-૯૯૯૮૩૧૨૪૫૩ | ૧૧૫ | ૧૦૪૫ | ૭૨૬ |
| ૭૦. | બીલીમોરા-ગોહરબાગ | બાહુબલી-૯૪૨૬૧૩૧૦૮૧ | ૨૦૧ | ૨૧૨૦ | ૧૪૭૩ |
| ૭૧. | ચીખલી | નેમિચંદ-૯૪૨૭૮૬૩૦૪૫ | — | — | — |
| ૭૨. | રાણકુવા | નિમેશ-૯૮૨૪૧૩૬૨૦૨ | ૩૫ | ૩૩૦ | ૧૨૨ |
| ૭૩. | વાસદા | અંકુર-૯૪૦૮૯૫૪૦૫૪ | — | — | — |
| ૭૪. | વાપી-GIDC | હરેશ-૯૩૭૫૯૩૧૮૫૫ | ૬૫ | ૧૦૧૨ | ૫૧૭ |
| ૭૫. | વીલેપાર્લે-(ઈ) | રૂપેશ-૯૮૯૨૩૫૫૦૧૬ | ૧૯૧ | ૯૬૭ | ૮૨૬ |
| ૭૬. | અંધેરી (ઈ) | સતીશ-૯૮૬૭૧૭૬૭૮૫ | ૧૨૦ | ૬૭૧ | ૫૧૮ |
| ૭૭. | ગોરેગાંવ | ધવલ-૮૮૭૯૧૮૭૩૪૦ | ૧૪૫ | ૯૩૫ | ૫૪૦ |
| ૭૮. | જોગેશ્વરી(ઈ) | અંકિત-૯૮૧૯૬૭૪૭૩૯ | — | — | — |
| ૭૯. | ભાંડુપ | મીંકલ-૯૮૬૯૦૫૮૯૭૪ | — | — | — |
| ૮૦. | કલિના(માનપાડા) | દિનેશ-૯૮૩૩૯૫૮૮૫૩ | — | — | — |
| ૮૧. | સાયન | વિવેક-૯૩૨૨૨૩૧૮૬૯ | ૨૫૦ | ૩૦૦૦ | ૯૨૦ |
| ૮૨. | ચુનાભટ્ટી | રાજુ-૯૮૨૦૩૪૪૯૧૪ | — | — | — |
| ૮૩. | મલાડ | નિમેશ-૯૮૭૦૨૬૬૧૫૯ | — | — | — |
| ૮૪. | વાકોલા | દિલીપ-૮૦૯૭૯૪૯૦૬૫ | — | — | — |
| ૮૫. | ઘનશોલી | દિનેશ-૭૨૦૮૦૭૦૧૧૧ | ૩૫ | ૩૫૦ | ૧૦૬ |
| ૮૬. | નેરૂલ | કલ્પેશ-૯૮૯૨૪૩૪૮૨૭ | ૪૬ | ૪૬૫ | ૧૪૦ |
| ૮૭. | બેલાપુર | મોહન-૯૮૧૯૯૧૦૫૫૧ | ૫૨ | ૫૪૦ | ૧૬૨ |
| ૮૮. | તૂર્ભે | અમૃતલાલ-૯૦૨૯૧૧૦૮૫૯ | ૧૫ | ૧૬૦ | ૪૦ |
| ૮૯. | બોરીવલી (વે) | કલ્પેશ-૯૮૧૯૩૩૯૬૮૯ | ૧૨૧ | ૧૧૦૨ | ૫૦૪ |
| ૯૦. | ચેમ્બુર | નરેશ-૯૮૨૦૦૪૭૨૬૫ | ૬૩ | ૬૧૦ | ૨૬૫ |

| નંબર | ગ્રુપનું નામ | કેપ્ટનનું નામ - મો.નં. | કેટલા વિહાર | કેટલા કિ.મી. | કેટલા મહાત્મા |
|---|---|---|---|---|---|
| ૯૧. | શાહપુર | સુરેશ-૯૨૨૬૧૨૨૨૮૪ | ૩૩૮ | ૩૧૬૮ | ૭૨૮ |
| ૯૨. | ઘોટી | રમેશ-૯૪૨૨૯૪૦૯૩૩ | – | – | – |
| ૯૩. | ઈગતપુરી | રાજેશ-૯૮૯૦૧૬૦૦૭૬ | ૫૦ | ૬૦૦ | ૧૫૦ |
| ૯૪. | નાશિક | સુમિત-૯૫૪૫૯૯૧૮૮૧ | – | – | – |
| ૯૫. | માલેગાંવ | ઋષભ-૯૮૨૩૩૫૮૬૦૪ | – | – | – |
| ૯૬. | નન્દુરબાર | નેમિચંદ-૯૪૨૨૨૮૯૫૮૪ | ૫૬ | ૨૮૩ | ૭૯ |
| ૯૭. | ધુલીયા | શ્રેયાંસ-૯૯૬૦૩૯૮૪૫૫ | ૯૦ | ૭૨૦ | ૧૧૦ |
| ૯૮. | પલુસ | પ્રશાંત-૯૩૨૬૧૫૫૪૬૬ | ૩ | ૫૦ | ૮૨ |
| ૯૯. | જમખંડી | મહાવીર-૯૪૪૮૪૩૧૮૧૯ | – | – | – |
| ૧૦૦. | કોલ્હાપુર | પ્રશાંત-૯૮૨૨૩૧૮૪૪૨ | – | – | – |
| ૧૦૧. | ઇચલકરંજી-V | પ્રિતેશ-૯૪૨૨૦૪૬૦૧૭ | – | – | – |
| ૧૦૨. | ઈચલકરંજી-M | કુમાર-૯૮૮૧૦૫૦૧૨૧ | ૨ | ૨૩ | ૭ |
| ૧૦૩. | ઇચલકરંજી-S | રાહુલ-૯૮૨૨૩૨૩૧૪૮ | ૧ | ૯ | ૭ |
| ૧૦૪. | કુરૂંદવાડ | બ્રિજેશ-૯૨૭૦૬૯૬૫૫૪ | – | – | – |
| ૧૦૫. | કાગલ | સ્વપ્નિલ-૭૩૮૭૪૮૪૫૬૭ | ૨૫ | ૧૨૫ | ૩૫ |
| ૧૦૬. | નીપાણી | સ્વપ્નિલ-૯૪૮૧૫૬૩૨૦૭ | ૧૦૦ | ૧૦૮૯ | ૨૧૯ |
| ૧૦૭. | મુરગુડ | પ્રશાંત-૯૪૨૩૨૭૮૦૪૦ | – | – | – |
| ૧૦૮. | તાકારી | સ્વપ્નિલ-૯૪૦૪૨૫૪૬૩૩ | – | – | – |
| ૧૦૯. | લોણંદ | મિત્તલ-૯૫૦૩૧૫૩૮૧૭ | – | – | – |
| ૧૧૦. | ભવાનીનગર | ચંદ્રકાંત-૯૪૨૨૬૨૬૬૦૦ | – | – | – |
| ૧૧૧. | જયસિંગપુર | રાજેશ-૯૪૨૩૮૨૪૬૬૭ | ૨૮ | ૨૧૨ | ૧૬૨ |
| ૧૧૨. | સાંગલી | સ્વપ્નિલ-૯૪૨૧૨૧૩૧૫૫ | ૩૮ | ૫૧૨ | ૧૦૩ |
| ૧૧૩. | બીજાપુર | અભય-૯૦૩૬૫૬૦૪૨૦ | ૫૦ | ૭૫૦ | – |
| ૧૧૪. | મસુર | કુમારપાલ-૯૦૯૬૯૯૦૦૦૯ | – | – | – |
| ૧૧૫. | કોરેગાવ | આશિષ-૯૪૨૩૦૩૨૫૯૭ | – | – | – |
| ૧૧૬. | કરાડ | પ્રવિણ-૯૮૬૦૦૩૦૩૨૬ | ૨૧૦ | ૩૦૦૦ | ૭૫૦ |
| ૧૧૭. | આરગ | સ્વપ્નિલ-૯૩૭૦૦૧૬૦૦૧ | – | – | – |
| ૧૧૮. | મીરજ | સ્મિતેશ-૯૪૨૩૦૩૬૧૨૨ | ૩૪ | ૨૨૦ | ૧૨૮ |
| ૧૧૯. | સાતારા-સીટી | વિનોદ-૯૪૨૨૬૦૬૯૩૩ | – | – | – |
| ૧૨૦. | સીલ્વાસા | ગુંજન-૯૮૨૫૦૬૩૩૪૮ | – | – | – |
| ૧૨૧. | નરોલી | બ્રિજેશ-૯૫૫૮૦૩૯૯૯૯ | ૩ | ૧૮ | ૫ |
| ૧૨૨. | દાદરા | રાજા-૭૫૬૭૭૨૭૨૭૨ | – | – | – |

●●●



## મોર્નિંગ ચહલ-પહલ

**કલ્યાણ** : દર રવિવારે સ્કૂલના અને અનાથાશ્રમના બાળકોને જમાડે છે.

**ન્યુ મુંબઈ-વાશી** : ઘનશોલી, નેરુલ, બેલાપુર, તુર્ભે અને ચેંબુર એમ પાંચ સેંટરમાં V.S.G.ની સ્થાપનાનું ઉત્કૃષ્ટ કાર્ય કરેલ છે.

**ગોવંડી** : જીવદયા અને માનવસેવાનાં અનેક કાર્યો કરે છે. એક વખત વિહાર દરમિયાન માછીમારને ૫૦૦ રૂા. આપી એની પાસેની બધી માછલીઓ છોડાવી.

**ધુળીયા** : જીવદયા, અનુકંપા, વૈયાવચ્ચનું સુંદર કાર્ય કરે છે.

**ગોરેગાંવ** : એક દિવસમાં ૩૦થી વધુ કિલોમીટરનો વિહાર કરેલ.

**સાયન** : યુવાનો ત્રણ દિવસ ગિરિરાજ સેવા માટે જાય છે. દર બેસતા મહિને સંઘ જિનાલયે વિશિષ્ટ અભિષેકનું આયોજન કરે છે.

**સાંગલી** : દર રવિવારે ખીચડીઘરમાં ૪૦૦ ગરીબોને જમાડે છે.

**નિપાણી** : છ'રી પાળતા સંઘમાં ગ્રુપના બે યુવાનોએ લાભ લીધો.

**વાસણા-પાલડી** : ● અમદાવાદનાં તમામ V.S.G.નું ફેમિલી સંમેલન ગોઠવ્યું. વિશિષ્ટ યુવાનોના તેમજ દાતા પરિવારનાં બહુમાનનો કાર્યક્રમ થયો. ગ્રુપના પ્રેરણાદાતા પૂ.આ. શ્રીમહાબોધિસૂ.મ.નું પ્રેરક પ્રવચન થયું. ● મહાવીર જૈન વિદ્યાલયનાં નવા પાંચ યુવાનો ગ્રુપમાં જોડાયા. ● જિજ્ઞેશભાઈએ ચોવીહારા પાંચમા ઉપવાસે વિહાર કર્યો. રસ્તામાં પૂ.સાધ્વીજી ભગવંતની તબિયત અસ્વસ્થ થતા કલિકુંડ હોસ્પિટલમાં ચેકઅપ કરાવી બપોરે અમદાવાદ પાછા ફર્યા. ● જરૂર પડે અમદાવાદ શહેરના વિહારોની જવાબદારી પણ સંભાળે છે.

**મણિનગર** : ● યુવાનો વરઘોડામાં થાળીનૃત્ય કરે છે. ● દર પાંચમે સંઘના જિનાલયનું શુદ્ધિકરણ કરે છે. ● રવિવારે અનુકંપાના કાર્યો કરે છે.

**જૂનાગઢ** : ગ્રુપના યુવાનો ખીચડીઘર, ધાબળા વિતરણ તેમજ જીવદયાનાં સુંદર કાર્યો કરે છે.

**ધોરાજી** : ખીચડીઘર અને ધાબળા વિતરણનું કાર્ય યુવાનો ખૂબ જ ઉત્સાહથી કરે છે.

**કરજણ** : ● ગ્રુપના સભ્ય ભાવિનભાઈએ ૧૫૧ વિહાર કર્યા. ● ૧૫૦ થી વધુ ગરીબોની રવિવારે બપોરના ભોજનની વ્યવસ્થા કરે છે. ● બ્લડ ડોનેશન કેમ્પ તથા ધાબળા વિતરણનું કાર્ય કરે છે.

**બારડોલી** : યુવાનો જીવદયાની પ્રવૃત્તિમાં રસ ધરાવે છે.

**કડોદ** : V.S.G.ના સભ્ય પરેશભાઈ નવસારી રહેતા હોવા છતાં ગામમાં ગુરુભગવંત પધારે તો નવસારીથી રાત્રે કડોદ જઈ સવારે ગુરુભગવંત સાથે વિહાર કરે છે.

**અમલસાડ** : ● વૈયાવચ્ચ અને અનુકંપાના સુંદર કાર્યો કરે છે. ● ગ્રુપના યુવાનોની ભક્તિથી પૂ.સાધ્વીજી ભગવંતોએ નાના ગામમાં એક મહિનાની સ્થિરતા કરી સહુની ધર્મભાવનામાં વૃદ્ધિ કરી.

**ધ્રોળ :** પૂ.મુનિશ્રી હંસબોધિવિ.મ.ની પ્રેરણાથી ગ્રુપની સ્થાપના થઈ છે. અઢાર અભિષેક સાથે સંઘ જિનાલયનું શુદ્ધિકરણ કર્યું.

**ભચાઉ :** અનુકંપા, જીવદયાના કાર્યો કરે છે. દરેક સ્કૂલમાં ફ્રી નોટબુકનું વિતરણ કરે છે.

**બારેજા :** ● પૂ.મુનિશ્રી પુણ્યરક્ષિતવિ.મ.ની પ્રેરણાથી આ વર્ષે જ આ ગ્રુપની સ્થાપના થઈ છે. ● બારેમાસ બર્ડકેંપ ચલાવે છે. ● ધાબળા તેમજ પક્ષી માટે કુંડા વિતરણનું કાર્ય કરે છે.

**વિદ્યાનગર :** ● ગ્રુપના યુવાનો મહાવીર જૈન વિદ્યાલય હોસ્ટેલમાં રહે છે. ● ખુલ્લા પગે જ વિહાર કરે છે. ● જાહેર રજાને લીધે બે દિવસ હોસ્ટેલ બંધ હતી... ત્યારે બે યુવાને ઘરે ન જતા હોસ્ટેલમાં રહી વિહાર સેવાની ફરજ બજાવી. ● નાપાડમાં એક સાધ્વીજી ભગવંતના કાનમાં જીવડું પ્રવેશી જતાં યુવાનો વહેલી સવારે ચાર વાગે નાપાડ પહોંચી સાધ્વીજી ભગવંતોને આણંદ સુધીનો વિહાર કરાવેલ.

**છાણી :** ● ગ્રુપની વાર્ષિક તિથિ પ્રસંગે સ્નાત્ર, સામાયિક, અલ્પાહાર, ચૈત્યપરિપાટી, અંગરચના, ભાવના વગેરેનાં આયોજનો થયા. આ પ્રસંગે બરોડા-કરજણનાં કેપ્ટનો પણ પધારેલ. ● બે વખત બ્લડ ડોનેશન કર્યું. ● પૂ.આ.શ્રીવિક્રમસૂ.મ.ના શતાબ્દી મહોત્સવની સાત દિવસની જવાબદારી સંભાળી. ● તારાપુર ટોલનાકા પાસે પૂ.સાધ્વીજી ભગવંતનાં એક્સીડંટ પ્રસંગે આણંદ વિદ્યાનગરના યુવાનો તેમજ છાણી સંઘની સાથે રહી સાધ્વીજી મહારાજનું પોસ્ટ મોર્ટમ કેંસલ કરાવ્યું. તથા આકોટા મુકામે અગ્નિદાહ સુધીની સંપૂર્ણ જવાબદારી સંભાળી. ● સાગર સમુદાયના પૂ.હર્ષચંદ્રસાગરમ.ની નશ ફાટી જતાં રાત્રે ૨-૩૦ કલાકે અડાસ થી હરણીરોડ સુધીનો ૩૦ કિ.મી.નો વિહાર કરાવી પૂજ્યોને શાતા આપવામાં નિમિત્ત બન્યા.

**ગાંધીધામ :** ● દરેક ફીરકાના યુવાનો આ ગ્રુપમાં જોડાયા છે. ૫-૫ યુવાનોનું એક ગ્રુપ એવા ૧૫ ગ્રુપ બન્યા છે. દરેકનો ડ્રેસ અને આઈકાર્ડ બનાવેલ છે. ગ્રુપના લીડરને એક બેગ અને સેફ્ટી કીટ અપાયેલ છે. ● પ્રભુના જન્મકલ્યાણકનાં દિવસે પ્રવચન બાદ તિલક કરી લાડુની પ્રભાવના કરેલ. સંઘજમણમાં થાળી ધોઈને પીનારનું ૧૦ રૂા.થી બહુમાન કરેલ. ● જરૂર પડે તો ગુરુભગવંતને ગોચરી પહોંચાડે છે. ● ગામમાં પૂ.આચાર્ય ભગવંત પધારે તો ગ્રુપના તમામ યુવાનો ડ્રેસકોડમાં લેવા-મૂકવા જાય છે.

**ભરૂચ :** તા. ૧૯-૧૨-૧૫નો દિવસ હતો. ગ્રુપના યુવાનો પૂ. સાધ્વીજી ભગવંત સાથે ડેરોલના વિહારમાં ગયા. ગમે તે કારણે ડેરોલ સૂચના આપવાની રહી ગયેલ. ત્યાં પહોંચતા જાણવા મળ્યું... વિહારધામના સંચાલકભાઈ સપરિવાર ગામડે ગયા છે. યુવાનોએ બાજુના ઘરમાંથી ચાવી લઈ વિહારધામ ખોલાવ્યું... પણ રસોડું બંધ હોવાથી સાધ્વીજી ભગવંતની ગોચરી, આયંબિલની વ્યવસ્થા માટે યુવાનો બજારમાંથી જરૂરી સામગ્રી લઈ આવ્યા અને સાઈકલવાળા ભાઈએ રસોઈ બનાવી પૂજ્યોને વહોરાવ્યું. પૂજ્યોને સહન કરવું પડ્યું એનું દુઃખ થયું પણ પૂજ્યોનો લાભ મળ્યો... એનો આનંદ થયો. ● એક યુવાનનો વિહાર પૂર્ણ થઈ ગયા પછી એને સમાચાર મળ્યા... કે એક મહાત્મા ભૂલા પડ્યા છે. કંટાળ્યા વગર એ યુવાને મહાત્માની શોધ ચલાવી અન્ય ઉપાશ્રયે પહોંચી ગયેલા એ મહાત્માને વિહાર કરાવી મૂળ સ્થાને પહોંચાડેલ.

**મુલુંડ :** ● દિવ્ય તપસ્વી પૂ.પંન્યાસ શ્રી હંસરત્નવિ. મહારાજના ગુણરત્નસંવત્સર તપના પારણા બાદ બપોરે ૧-૩૦ થી સાંજના ૬-૩૦ સુધીમાં V.S.G. મુલુંડના યુવાનોએ અલગ-અલગ ૨૭ સ્થાને ગુરુભગવંતોને વિહાર કરાવ્યો. ● આયંબિલખાતામાં આ યુવાનો માટલા પુંજવા અને લોટ ચાળવા વગેરે જયણા કાર્યમાં સહાયક બને છે. ● વીરજન્મકલ્યાણક પ્રસંગે ૧૦૦૦ ગરીબોની અનુકંપામાં વ્યવસ્થા સંભાળેલ. ● પૂ. આ. શ્રી રત્નસુંદરસૂ. મ. ને વિક્રોલીથી નંદીગ્રામ-ગુજરાત સુધી વિહારમાં સેવા આપેલ. આ ચાતુર્માસમાં સામૂહિક આયંબિલમાં ૫૪૦૦૦ /- રૂપિયાનો લાભ લીધો. ● બાળકોના એક બિઆસણાનો લાભ લીધો.

**આણંદ :** V.S.G. ના ૧૦ યુવાનો સિદ્ધિતપમાં જોડાયા. એક અજૈનભાઈ(૧૦૮) પણ સિદ્ધિતપ કરે છે. ગ્રુપની પ્રેરણાથી વલ્લભવિદ્યાનગરના યુવાનો પણ વિહાર સેવામાં જોડાયા છે.

**વલસાડ :** ● દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્થાપનાદિનને લક્ષ્યમાં રાખી બે રવિવારનો શ્રી વલસાડ જૈન સંઘમાં કાર્યક્રમ રાખેલ. ફા.વ.૧૧, તા. ૩-૪-૧૬ના વલસાડના શ્રીમહાવીરસ્વામી જિનાલયે ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવેલ. પૂ.પં. શ્રી સત્યસુંદરવિ. મહારાજે સ્નાત્રની કડી ઉપર સુંદર વિવેચન કરેલ. બીજા રવિવારે ચૈત્ર સુદ ચોથ, તા. ૧૦-૪-૧૬ ના સપ્તગુણ સંવેદન એ વિષય પર સમકિતગ્રુપનાં અલ્પેશભાઈએ સુંદર સંવેદના કરેલ. કાર્યક્રમ દરમિયાન આજુબાજુના નવ જેટલા વિહારધામના સ્ટાફનું બહુમાન કરાયેલ. ● આ વર્ષથી ૨૦ જેટલા ટીનેજર્સ છોકરાઓ વિહારસેવામાં જોડાયા છે. ● આ ચાતુર્માસમાં મુશળધાર વરસાદ પડતા રેલ આવેલ. જેમાં યુવાનોએ આઠ/દશ ફૂટ પાણીના પ્રવાહમાં ગરીબોને સવારે ચા-બિસ્કીટ, સાંજે થેપલા, પુરી, ભાજીનું વિતરણ કરેલ. આમાં જૈનેતર યુવાનો તથા R.S.S. ના યુવાનોનો પણ સાથ/સહકાર મળેલ. વરસાદે વિરામ લીધા પછી ૫૦૦ થી ૫૫૦ જોડી જૂના કપડાં અને જૂના વાસણોનું પણ વિતરણ કરાયેલ.

**વડોદરા :** ● વડોદરાના યુવક મંડળો માટે પૂ.આ.શ્રી રત્નસુંદરસૂ.મ.નું જાહેર પ્રવચન 'સાથે છીએ - સાથે રહીશું'નું ગ્રુપ દ્વારા આયોજન થયું. ● સુભાનપુરા સંઘના બે વિશિષ્ટ યુવાનોનું પર્યુષણમાં શ્રીસંઘે વિશિષ્ટ બહુમાન કર્યું. ● બે યુવાને એક દિવસમાં ૩૬ કિ.મી. વિહાર કર્યો. ● ગ્રુપના યુવાનો એવરરેડી છે. રાતના ૧૧-૦૦ વાગે મેસેજ અપાય... તો સવારે ૪-૦૦ વાગે વિહાર સેવામાં હાજર થઈ જાય છે.

**ગોવાલીયા ટેંક :** આજુબાજુના સંઘોના યુવાનોને જોડીને આ ગ્રુપ તૈયાર થયું છે. ખૂબ જ ઉત્સાહથી સેવા કરે છે.

**બીલીમોરા (વેસ્ટ) :** ● આ ગ્રુપ મંથલી રિપોર્ટ મોકલાવે છે. ● વિહાર કરાવીને પાછા ફરતા રસ્તામાં પડેલી ગાય માટે ડૉક્ટર બોલાવી ટ્રીટમેંટ અપાવી એનો જીવ બચાવ્યો. ગાય ભરવાડને સોંપી. ● ગ્રુપના ચાર વર્ષ પૂર્ણ થતા ૩૫૦ ભિક્ષુકને ફુડપેકેટ તથા કેરીની સિઝનમાં કેરીનું વિતરણ કર્યું.

**ભિવંડી :** ● એક મહાત્માની વિલચેર ૧૯૦ કિ.મી. સુધી ગ્રુપના યુવાનોએ ચલાવી. ● ગ્રુપનો યુવાન અક્ષય ગુઢકા આવતા વર્ષે ચારિત્ર ગ્રહણ કરશે. આ વર્ષે કુલ ૮૮ વિહાર કરેલ. ● આ વર્ષે ૨૪૦ જેટલા સાંજના વિહારો થયા તેમાં ૯૦% વિહાર હેમંતભાઈ જૈનના ગ્રુપે કરેલ છે. ● મહાવીરધામથી નંદીગામ સુધી પૂ.આ.શ્રી રત્નસુંદરસૂ.મ.ને વિહાર કરાવેલ. ● સૌથી વધુ વિહાર કરનારા યુવાનો - જિજ્ઞેશ, ભાવિન, ચેતન અને હેમંત જૈન છે એ સિવાય ૭૫થી વધુ વિહાર કરનારા આઠ યુવાનો છે. ● દિગંબર સાધુઓને વિહાર કરાવેલ. ● પ્રતિવર્ષની જેમ પૂરા ભારતમાં હાઈયેસ્ટ વિહાર કરનાર આ ગ્રુપે આ વર્ષે ૧૧૯૬ જેટલા વિહારો કર્યા છે.

**ઘાટકોપર-સાંઘાણી :** સાંજના વિહારો પણ કરાવે છે.

**ઇગતપુરી :** સ્થાનકવાસી સમાજનો ખૂબ સારો સહયોગ મળે છે.

**મોરબી :** ૩૫ કિ.મી. સુધી ગોચરીની વ્યવસ્થા કરે છે.

**મરોલી ગામ :** મહાવીર જન્મ વાંચનના દિવસે સ્કૂલમાં ૪૦૦૦ બુંદીના પેકેટનું વિતરણ કરેલ.

**ઘાટકોપર-નવરોજીલેન :** વૈયાવચ્ચ, સાધર્મિક ભક્તિ, અનુકંપા, પાઠશાળા, રવિવારીય અષ્ટપ્રકારી પૂજા, સાધુ-સાધ્વી માટેની લાયબ્રેરી, વિહાર સેવા ધામની સાર-સંભાળ જેવા અનેક કાર્યો કરે છે.

**પેટલાદ :** ● વિહારની સાથે વૈયાવચ્ચના અદ્‌ભુત કાર્યો કરે છે. ● પૂ.સાધ્વીજી ભગવંતની નડીયાદ હોસ્પિટલમાં એંજીયોગ્રાફી વખતે યુવાનોએ સુંદર ભોગ આપેલ. ● પૂ.આ.શ્રી રત્નસુંદરસૂ.મ.નાં

ત્રણ દિવસના જાહેર પ્રવચનો ગ્રુપના યુવાનો દ્વારા ગોઠવાયેલ. ● ભરૂચ સુધીના વિહારમાં ગુરુભગવંતો માટે વ્હીલચેરની વ્યવસ્થા ગ્રુપ દ્વારા થાય છે. ● પેટલાદમાં પધારતા ગુરુભગવંતોની દવાનો ખર્ચ ગ્રુપ દ્વારા કરવામાં આવે છે.

**સુણાવ :** ● ગ્રુપના યુવાનો દ્વારા અનુકંપાના પક્ષીબચાવ, હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ, હોસ્ટેલ અને સ્કૂલમાં મેડીકલ કીટ વિતરણ, શિયાળામાં ધાબળા વિતરણ વગેરે અદ્‌ભુત કાર્યો થાય છે. ● મુંબઈના સાહિત્ય સત્કાર સમારોહમાં ગ્રુપના યુવાનો - કિંજલ શાહ તથા કેયુર પટેલે ૩પ દિવસ પોતાની નોકરી વગેરે છોડીને અનુમોદનીય સેવા કરી. ● સ્વર્ગસ્થ પૂ.તત્ત્વસુંદરવિ.મ.ના અંતિમ સમયે હોસ્પિટલમાં સેવા આપી. ● શ્રીકલિકુંડ-ગિરિરાજ આદિ તીર્થોમાં સામૂહિક અનુષ્ઠાન પ્રસંગે ગ્રુપના યુવાનો સુંદર સેવા આપે છે.

**માટુંગા :** ● છેલ્લા ત્રણ-ચાર વર્ષથી પા-પા પગલી માંડી ચૂકેલું આ ગ્રુપ આજે વિહાર સેવાના ક્ષેત્રે હરણફાળ ભરતું થઈ ગયું છે. મુંબઈના ૩૦૦મા પુસ્તકના સાહિત્ય સત્કાર સમારોહ પ્રસંગે પશ્ચિમપરાના સાધુ-સાધ્વીજી ભગવંતોને ચુનાભટ્ટી સુધી પહોંચાડવાની વ્યવસ્થા સંભાળેલ. એ જ રીતે પ્રસંગ પૂર્ણ થયે પ્રથમ વિહાર કરાવવાની જવાબદારી પણ સ્વીકારેલ. ● સંઘની શ્રાવિકા બહેનો પણ પૂ.સાધ્વીજી ભગવંતના વિહારમાં સાથે જોડાય છે. અવસર આવે વ્હીલચેર પણ ચલાવે છે. ● એક યુવાને એક દિવસમાં ઉપરાઉપરી બે મોટા વિહાર કરેલ.

● ● ●



## મોrninગ
## આશીર્વાદ

(૧) વિહાર સેવા ગ્રુપના યુવાનો રોજ સવાર પડે અને સાથે થઈ જાય છે. એ સહુનો તરવરાટ અને ઉલ્લાસ જોતા સ્તબ્ધ થઈ જવાય છે. આનંદિત થઈ જવાય છે. જે શુભ પળે તમારા મનમાં આ ગ્રુપની સ્થાપનાનો વિચાર જન્મ્યો એ પળને ય ધન્ય છે.

(૨) V.S.G.નું મિલન ગજબનાક બની રહ્યું હશે. આ કલ્પનાતીત વયવસ્થાને ગોઠવી દઇને તમે જે વિશિષ્ટ અને વિશુદ્ધ કોટિનું પુણ્ય બાંધ્યું છે અને હજી પણ બાંધી રહ્યા છો એની અનુમોદના માટેના કોઇ શબ્દો નથી જડતા.

પ્રાર્થું છું શાસનદેવોને, તમારું આ સુકૃત ભવચક્રમાં સંયમના જે આઠ ભવો જ મળે છે એમાંના એક ભવમા તમારા વર્તમાન સમયનો સમાવેશ કરી દે એ ફળ આપનારું બની રહે.

-પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરિ મ.

– ● –

ભીવંડીથી બપોરે ત્રણ વાગે અમારો વિહાર હતો. પોણાત્રણ વાગે યુવાનો હાજર થઈ ગયા. ભયંકર ટ્રાફિક હોવા છતાં માત્ર સવા ત્રણ કલાકમાં થાણા પહોંચાડી દીધા. ટ્રાફિક પોલિસની જેમ ટ્રાફિક કંટ્રોલ કરી અમને સહી સલામત પહોંચાડ્યા.

૨૦ સ્થાનક પૈકી કેટલા પદની આરાધના આ યુવાનો કરે છે એ હવે કહેવાની જરૂર ખરી ? વર્તમાનમાં શ્રીસંઘમાં અનેક મંડળો, ગ્રુપો, સંગઠનો, સંસ્થાદિ જોવા મળે છે પણ યુવાનોનો આવો નિષ્કામ યોગ કયો હશે ?

-મુનિશ્રી વિમલહંસ વિજયજી.

– ● –

ધન્યવાદ છે તે યુવાનોને ય... જેઓ શાસનના શ્રમણ-શ્રમણી ભગવંતોને અશત: પણ તકલીફ ન પડે એ માટે અદ્‌ભુત સાવધાની રાખતા હોય છે. સાથે એ પૂજ્યોની સંયમયાત્રા-વિહારયાત્રા પ્રતિદિન કઈ રીતે વૃદ્ધિ પામે એવી ભાવના ભાવતા હોય છે. આવી ઉત્તમ ભાવનાથી કેટલાય આત્માઓ સમ્યગ્દર્શનને ઉજ્વલ બનાવતા હશે.

-સા. શ્રી મૃગેન્દ્રશ્રીજી (ડેલાવાળા)

– ● –

જિનશાસનમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજનું સ્થાન અનન્ય અને મોખરે છે. આવું અનુભવ્યાનો અહેસાસ આટલી ઠંડીમાં પણ વહેલા ઊઠીને વિહારમાં સાથે ચાલનાર વિહાર ગ્રુપથી અનુભવ્યો છે. આ ગ્રુપના યુવાનોની હૃદયથી અનુમોદના. જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધી જિનશાસનની સેવાથી ધન્ય બનો એ જ હૃદયની શુભાશા.

-પૂ. સાધ્વીજીશ્રી દિવ્યયશાશ્રીજી મહારાજ

## વિહાર સેવા ગ્રુપ - ચતુર્થ સંમેલન-૨૦૧૫



## વિહાર સેવા ગ્રુપની ઉપયોગીતાને સૂચવતો

વિ.સં. ૨૦૭૨માં શ્રી સિદ્ધગિરિરાજની પવિત્ર છાયામાં પાલિતાણામાં આયોજિત

# વિરાટ તપાગચ્છીય શ્રમણ સંમેલનનો ઠરાવ

### ઠરાવ નં. ૩૮

સાધુ-સાધ્વીજી ભગવંતોની વિહારયાત્રા દરમિયાન અકસ્માતના પ્રસંગો અવારનવાર બનતા જ રહે છે. તે ટાળવા માટે.....

(૧) હાઈવે સિવાયના અંતરિયાળ માર્ગોનો વધુ ઉપયોગ કરવો.
(૨) વધુ પડતો વહેલો વિહાર ન કરવો.
(૩) વિના કારણ કે નાનાં કારણે વિહાર ન કરવા.
(૪) વિહાર દરમિયાન સ્વાધ્યાય-જાપાદિ ન કરવા.
(૫) શક્ય હોય ત્યાં **વિહાર સેવા ગ્રુપો**ની અને પોલીસની સેવા લેવી.
(૬) એકેકની લાઈનમાં માર્ગની જમણી બાજુ ચાલવું વગેરે બાબતોનો ચુસ્ત અમલ કરવો.

### ઠરાવ નં. ૩૮ ની સમજ

પૂજનીય સાધુ-સાધ્વીજીભગવંતો જૈન સંઘની સૌથી મોટી સંપત્તિ છે. છેલ્લાં વર્ષોમાં એ સંપત્તિ અકાળે વિનષ્ટ થવાની અનેક દુર્ઘટનાઓ અકસ્માતોના માધ્યમે બની છે. ખાસ તો જીવનભર સંયમની શ્રેષ્ઠ સાધના કરનાર ગુરુભગવંતો અકસ્માત સમયે જે કરુણ પરિસ્થિતિનો ભોગ બને છે એ હૃદયદ્રાવક હોય છે. એના શક્ય નિવારણ માટે આ ઠરાવમાં સૂચવાયેલ નિયમોનો અમલ મુખ્યત્વે શ્રમણ-શ્રમણીઓએ સ્વયં કરવાનો છે અને ગૃહસ્થવર્ગે તેમાં યથાશક્ય સહાયક બનવાનું છે.


અનુમોદના... સૌજન્ય અનુમોદના...

**હેતાંશી તથા જૈનમ્ પુલિનભાઈ શાહની અઠ્ઠાઈ નિમિત્તે**
**હ. જાગૃતિબેન પુલિનભાઈ શાહ**

**માતુશ્રી**
**મંજુલાબેન સુરેશભાઈ મોદી પરિવાર**
**હ. રાજુભાઈ મોદી - મુંબઈ**

KIRIT GRAPHICS - 09898490091